

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગણપતિ વિદાય, હવે પિતૃઓ ધાબે બેઠા છે,*
*નવરાત્રી આવી માતાજી હવે મઠમાં બેઠા છે.*
*બેઠાં છે બા બાવાં-જાળાંની ચિંતામાં ઊંચી ડોકે -*
*દૂધ-પૌઆં નેતાઓ ટાઢેકોઠે બેઠા છે...*
*(ઉત્સવો - ઉજવણી)*

હાઈકુ

*લે છે ગરબા -*
*વચનો ના વર્તુળે -*
*વિકાસ પણ...*

*બેઠા વાયસ -*
*સચિવાલય ધાબે*
*નાખી ધો વાસ!*

### ચિંતન

*યો મે ગર્ભગતસ્યાપિ વૃત્તિં કલ્પિતવાન્પ્રભુઃ ।*
*શેષ વૃત્તિ વિધાનાય સ કિં સુપ્તિઽથવા મૃતઃ ॥*

**ઉપરોક્ત શ્લોક 'અષ્ટ્રવક્રગીતા'માંથી લેવામાં આવેલ છે.**

**હું ગર્ભમાં હતો ત્યારે પણ જે ભગવાને મારી આજીવિકાને નિભાવી હતી, તે પ્રભુ મારો જન્મ થયા પછી પણ મારી આજીવિકા નિભાવવાના જ છે, કારણ કે તે ભગવાન શું સૂઈ ગયા છે કે મૃત્યુ પામ્યા છે?**

**ઈશ્વરને સમર્પિત કરીને જીવતો જીવ કદી પણ દુઃખી થતો ઈશ્વર પરનો વિશ્વાસ-ભરોસો કદી ભાંગતો નથી - 'કીડી ને કણ - હાથીને મણ' એ આપે જ છે. હું કરું - ની ભાવના નહીં પણ ઈશ્વરના કામ ઈશ્વર કરશે તો વિશ્વાસ કદી પણ 'ચિંતા' કરાવતો નથી. ઈશ્વર જાણે જ છે કે કોને ક્યારે-કેટલું - કેવી રીતે આપવું તું માગ-માગ ન કર...**

### સુવિચાર

- અંતિમક્ષણ પહેલાં જ હતાશ થઈને લીધેલો નિર્ણય ખરાબ પુરવાર થાય છે, કારણ કે... પસાર થતી પ્રત્યેક પળ સંપૂર્ણ બાજી પલટાવી શકવાની ક્ષમતા ધરાવતી હોય છે - **અણમોલ રત્ન**
- જીતીશ હું જ, વિશ્વાસ છે પહેલો, ભલે વિજય ન મળે વહેલો - **અખંડ આનંદ**
- 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' આપણી બહારનું જગત એ આપણા આંતરિક જગતનું પ્રતિબિંબ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જીત એ સફળતા નથી પરંતુ, જીતવાનો સંકલ્પ જ તમને સફળ બનાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારી લક્ષપ્રાપ્તિને જ તમે કઠિનતમ જીત ન ગણશો, પરંતુ... તમારી લક્ષપ્રાપ્તિ માટે દાખવેલી ધીરજ જ કઠિનત્તમ જીત છે - **એ.પી.જે. કલામ**
- આજનું ઔષધ : બે ગ્રામ ખાવાનો સોડા બે ગ્રામ ધારાજીરુ તથા બે ગ્રામ સુદર્શન ચૂર્ણ મિક્સ કરી નાની ચમચી લેવાથી એસીડીટીમાં રાહત થાય છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ઈરાનના રાજા ને ત્યાં એક શ્રીમંત નબીરો મળવા આવ્યો. એણે રાજાએ કહ્યું, 'નામ પર, મારા ઘરે એક દાવત ગોઠળી છે, આપ પધારો તો સોનામાં સુગંધ ભળે.' રાજા એ કહ્યું, 'હું જરૂર આવીશ.' રાજાને કિંમતી શરાબ પીરસવામાં આવ્યો અને ઉત્તમ ભોજન અપાયું... રાજા ને શરાબનો નશો ચડ્યો અને ભાન ગુમાવતા ચાલ્યા. મોડી રાતે લથડિયા ખાતા બહાર નીકળવાના દરવાજાની બદલે જનાનખાના ના દરવાજા તરફ પહોંચી ગયા. અને રાજાને કોણ રોકે? પણ જનાનખાનાના દ્વારપાલે રાજાને ધક્કામારી બહારના દરવાજા તરફ પહોંચાડી દીધા.

પેલા યજમાનને થયું કે જનાનખાનાના દ્વારપાલની આવી હરકતથી ક્રોધિત થઈને રાજાના દરબારમાં ગયો. અને કહ્યું, 'જનાબેઆલમ, ગઈકાલે દાવત પછી મારા દ્વારપાલે આપની સાથે જે ગુસ્તાખી કરી હતી તે માટે હું દિલથી દિલગીર છું, અને એને મેં નોકરીમાંથી સદાયને માટે રજા આપી દીધી છે, આપ એને ચાહે તે સજા કરી શકો છો. રાજાએ કહ્યું, 'ભાઈ, તમે સારું કર્યું એને છુટો કરી દીધો, હું આજથી એ વફાદાર દ્વારપાલને મારા અંગરક્ષક તરીકે નીમવા ઈચ્છું છું. મારી નિર્લજ્જતાને એણે જીવના જોખમે રોકી, પોતાની ફરજ પ્રત્યે એ કેટલો વફાદાર ગણાય! મારે એવા અંગરક્ષકની જરૂર છે.'

# બંધારણીય પદની ગરિમા જાળવવી જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન જતા પહેલાં જ એમના મંત્રીમંડલને સમુંનમું કરી રહ્યા છે. રાષ્ટ્રપતિની ઘેલા સોમનાથ યાત્રાની તારીખ પણ વડાપ્રધાનની અનુકૂળતા ખાતર બદલવાની ફરજ પડી છે. અગાઉ તેઓ ત્રીજી સપ્ટેમ્બરે આવવાના હતા તેને બદલે એક દિવસ મોડા આવશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સંઘના માણસ છે એટલે શિસ્ત શું તે એમને શીખવવું ન પડે. પરંતુ રાષ્ટ્રપતિ આખરે કેબિનેટની સલાહ માનવા બંધાયેલા છે, એટલે પોતાનો નક્કી થઈ ગયેલો કાર્યક્રમ એક દિવસ પાછો ઠેલવાનું એમને બરાબર લાગ્યું હશે. સામાન્ય રીતે રાષ્ટ્રપતિ અને રાજયપાલ જેવા બંધારણીય હોદ્દાઓ પર બિરાજમાન મહાનુભઆવો પોતાની રાજકીય વિચારધારાથી મુક્ત થઈ તદ્દન નિષ્પક્ષ રીતે વર્તતા હોય છે. પંડિત નહેરુની વલણ વિરુદ્ધ તત્કાલીન ડૉ. રાજેન્દ્રપ્રસાદ કનૈયાલાલ મુનશીના નિમંત્રણથી સોમનાથના જીર્ણોદ્ધાર પ્રસંગે ઉપસ્થિત રહેલા. પરંતુ આખરે એમની સહાનુભૂતિ તો એમના મૂળ પક્ષ પ્રત્યે જ રહેતી હોય છે. નિવૃત્ત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી જેવા વિચક્ષણ મહાનુભાવ પણ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિતના કોંગ્રેસી નેતાઓ પ્રત્યે કૂણું વલણ ધરાવતા હતા અને નિવૃત્તિની પૂર્વ સંધ્યાએ વિવાદાસ્પદ 'નેશનલ હેરાલ્ડ'ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તે શું સૂચવે છે? રાષ્ટ્રપતિ પણ આખરે કોઈ અન્ય માનવી જેવા માનવી જ રહે છે. એ દૃષ્ટિએ કદાચ ગુજરાતના વિશાળ કોળી સમાજ સાથે સતત જીવંત સંપર્ક જાળવી રાખી વર્તમાન રાષ્ટ્રપતિ આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં શાસક પાર્ટીને અને કેન્દ્ર સરકારને આડકતરી રીતે મદદરુપ થવા કોશિશ કરતા હોય તો એને ગેરવાજબી નહીં ગણી શકાય. આ એક પ્રકારનો ઋણ સ્વીકાર જ ગણાશે. તદ્દન અજાણી વ્યક્તિ એકાએક રાષ્ટ્રના સર્વોચ્ચ હોદ્દા પર આરૂઢ થઈ શકી તે રૂડા પ્રતાપ શાસક પક્ષનાં વડાપ્રધાનની મહેરબાનીથી જ એ શક્ય બન્યું હોય ત્યારે પોતે વડાપ્રધાન કરતાં મોટી ખુરશી અને મોટું નિવાસસ્થાન ધરાવતા હોવા છતાં એમની અનુકૂળતા મુજબ વર્તવું જ રહ્યું. ગુજરાતની ચૂંટણીમાં પાટીદાર મતો નો ભરોસો ન રહેતા ભાજપ વૈકલ્પિક વોંટબેકો સાબદી બનાવવાની દિશામાં કાર્યરત છે. સૌરાષ્ટ્રની બત્રીસ કરતાં વધુ બેઠકો પર કોળી મતદારોનો પ્રભાવ છે. અગાઉ સુવાંગ કોંગ્રેસની વોટબેંક ગણાતા આ બદા મતદારો અત્યાર સુધી પુરુષોત્તમદાસ સોલંકી જેવા સ્થાનિક નેતાના પ્રભાવ હેઠળ ભાજપ સાથે રહ્યા છે. હવે એમને રાષ્ટ્રપતિ સાંસદ ભારતીબેન શિયાળના રાજકીય ઉત્કર્ષમાં પણ સધિયારો સાંપડી શકે એમ છે. મંત્રીમંડળનો ગંજીપો ચીપીને વડાપ્રધાન આગામી ચૂંટણીઓમાં પોતાની અને પાર્ટીની સામે ઊભા થયેલ પડકારોનો જવાબ શોધી રહ્યા છે, એમ નથી લાગતું?

# સોળ વર્ષ : મજૂરી માટે કે વિકાસ માટે

**નવોદિત કોલમ**

કાનન ઓઝા



સંત જ્ઞાનેશ્વર માત્ર સોળ જ વર્ષની ઉંમરે સમાધિ લીધી, પરંતુ એટલી ઉંમરમાં તો એમણે બધાં જ શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું અને એમનું 'જ્ઞાનેશ્વર' નામ સાર્થક કર્યું.

જગદ્ગુરુ શંકરાચાર્ય માત્ર બત્રીસ વર્ષ જીવ્યા. તેમણે જીવનકાળમાં હિંદુ ધર્મને વ્યવસ્થિત કર્યો અને આખા ભારતવર્ષને એકસૂત્રે બાંયુ. સકળ શાસ્ત્રોનું જ્ઞાન સોળ જ વર્ષની ઉંમરે પ્રાપ્ત કરીને બાકીનાં સોળ વર્ષ તો તેમણે એ જ્ઞાન નો લાભ સમાજને આપવામાં ગાળ્યા.

શ્રીકૃષ્ણએ બાલ્યકાળમાં જ અનેક રાક્ષસોનો સંહાર કર્યો અને સહુના શિરમોર સમા કંસનો વધ કર્યો ત્યારે એમની ઉંમર સોળ વર્ષની હતી.

શિવાજી મહારાજે પોતાના ગોઠિયાઓ સાથે મળીને હિંદુ સ્વરાજય સ્થાપવાની પ્રતિજ્ઞા કરી અને પહેલો વિજય પ્રાપ્ત કર્યો ત્યારે એમની ઉંમર માત્ર સોળ વર્ષની હતી.

મુકુંડ ઋષિને ભગવાન શંકરે પ્રસન્ન થઈને પુત્રનું વરદાન આપ્યું ત્યારે સુલક્ષણો પુત્ર જોઈતો હોય તો તેનું આયુષ્ય સોળ વર્ષનું હશે એમ કહ્યું, માતાપિતાએ પણ અલ્પાયુષી પણ સુલક્ષણો પુત્ર માગ્યો. એ પુત્રએ ભગવાન શિવની ભક્તિ કરીને મૃત્યુ પર વિજય મેળવ્યો. એ વખતે એની ઉંમર સોળ વર્ષની હતી. અભિમન્યુ જયારે ચક્રવ્યૂહનું ભેદન કરવા માટે સિદ્ધ થયો. અને એમાં વીરગતિને પામ્યો એ વખતે પણ કહે છે એની ઉંમર સોળ વર્ષની હતી.

વિશ્વામિત્ર દશરથ રાજાનાં દરબારમાં આવ્યા. રાક્ષસોનાં ત્રાસમાંથી બ્રાહ્મણોને બચાવવા અને તેમના યજ્ઞનું રક્ષણ કરવા માટે તેમને રામ અને લક્ષ્મણ જોઈતા હતા. દશરત રાજાએ તેમને ના પાડી, કારણ કે રામ અને લક્ષ્મણની ઉંમર તે વખતે બાર વર્ષની હતી. પરંતુ વસિષ્ઠ મુનિની સલાહથી છેવટે તેમને જવાની અનુમતિ આપી. આ બાર વર્ષના રામ-લક્ષ્મણે અનેક અસૂરોનો સંહાર કર્યો. વિશ્વામિત્રે આટલી નાની ઉંમરનાં કુમારોને અનેક દૈવી શાસ્ત્રસ્ત્રોનું જ્ઞાન આપ્યું. કુમારેએ તે ગ્રહણ પણ કર્યું.

લવ અને કુશ વાલ્મિકીના આશ્રમમાં મોટા થતા હતા. તેમણે અશ્વમેઘનો ઘોડો જોયો, તેના ઉપરનું લખાણ વાંચ્યુ. તેમના ક્ષત્રિય સ્વભાવે પડકાર ઝીલી લીધો અને તેમણે ઘોડાને બાંધી દીધો. રામના સૈન્ય સાથે યુદ્ધ કર્યું. તેને હરાવ્યું.

છેવટે રામને પોતાને ત્યાં આવવું પડ્યું. તે વખતે તે બંનેની ઉંમર હતી બાર વર્ષની. તેઓ માત્ર શસ્ત્રો જ ચલાવી જાણતા હતા એમ નહીં, સંગીત પણ એવું જ જાણતા હતા. અયોધ્યાની ગલીઓમાં રામાયણનું જ્ઞાન કરીને તેમણે લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. વેદશાસ્ત્ર ભણવામાં કોઈ તેમને પહોંચી શકતું નહોતું.

આવાં તો શોધવા બેસીઓ તો અગણિત ઉદાહરણો મળી આવશે. બહુ જ પ્રચલિત એવો જ એક રિવાજ ધ્યાનમાં લેવા જેવો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યના દીકરાને પાંચ, છ, સાત, આઠ વર્ષે યજ્ઞોપવિત આપવામાં આવે. પછી તે ગુરુને ત્યાં જઈને અધ્યયન પુરું થાય. ત્યારે તે શસ્ત્ર, શાસ્ત્ર અને વ્યવહાર એમ બધું ભણ્યો હોય. બાર વર્ષ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી એ પરાક્રમી યોદ્ધો, તત્ત્વજ્ઞ, વિદ્વાન અને વ્યવહારદક્ષ ગૃહસ્થ બનવાની ક્ષમતા પ્રાપ્ત કરે. તે વખતે એની ઉંમર કેટલી હોય? સત્તર થી વીસ વર્ષની.

શંકરાચાર્ય, શ્રીકૃષ્ણ કે જ્ઞાનેશ્વર જેવા અલૌકિક લોકોની વાત નથી. અધ્યયન કરનારા બધાની જ આ વાત છે. ત્યારે આપણે વિચાર કરવાની વાત એ છે કે આપણાં બાળકો ત્રણ વર્ષની ઉંમરે વિદ્યાલયમાં જવાનું શરુ કરે. બે વર્ષ બાલમંદિરમાં ભણે, સાત વર્ષ પ્રાથમિક શાળામાં ભણે, ત્રણ વર્ષ માધ્યમિક શાળામાં ભણે, એમ કુલ ઓગણીસ વર્ષ ભણીને બાવીસ વર્ષની ઉંમરે એમનું જ્ઞાન કેટલું? પરાક્રમ, વિદ્વતા અને વ્યવહારદક્ષતા પૈકી શેમાં નૈપુણ્ય અને વિદ્વતાને નામે કશું જ નહીં.

શું આપણે અને આપણા બાળકો, આપણી આખી પેઢી એટલી નપાવટ ચે કે તેમને આટલા બધા વર્ષો ભણ્યા પછી પણ કશું જ આવડે નહીં? ખરેખર તો બાર વર્ષનો અભ્યાસ અને સોળ વર્ષની ઉંમર એ પરિપકવતા માટે પૂરતી છે. એ વાત અપવાદરુપ લોકો માટે સાચી નથી. બધા લોકો માટે સાચી છે.

બુદ્ધિ તો બધાં જ બાળકોને મળેલી ચે. ક્ષમતા બધાં બાળકોમાં છે. સર્વ સામાન્ય બધાં જ બાળકો ભણી શકે છે. કોઈ થોડું ઓછું ભણે કે કોઈ વધારે ભણે. પણ ઓછામાં ઓછું સ્તર પણ આજના અનુસ્નાતક કરતાં અથવા હોંશિયારમાં હોંશિયાર વિદ્યાર્થી કરતા પણ સારું જ

અનુસંધાન પાના નં. ૭ પર

# વૉટ્સએપ વીર વિદ્વાનોના વિસ્ફોટો અને અવનવા એડમીન

**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ



૨૧મી સદીમાં દુનિયા ખરેખર બદલાઈ રહી છે. આ પરિવર્તન સંસાર માટે લાભદાયી છે કે નુકશાનકારક એ તો આવનારો સમય જ બતાવશે. ''ગુગલ'' પછીની સૌથી મોટી ક્રાંતિ હોય તો તે '' ફેસબૂકક્રાંતિ'' છે. જેણે આખા જગતના લોકોને રાતોરાત જોડી આપ્યા. અને ત્યાર પછીની ક્રાંતિ એટલે ''વૉટ્સઅપ ક્રાંતિ'' છે. આ ફેસબૂક અને વૉટ્સઅપમાં ઘણો તફાવત છે. ફેસબૂક વૈશ્વિક વિચારધારા લઈને આવે છે. જ્યારે વૉટ્સઅપ વિશાળ વિશ્વથી લઈને એક વ્યક્તિના મન સુધી વિસ્તરતું માધ્યમ છે. બીજા શબ્દોમાં કહીએ તો વૉટ્સઅપ એ વ્યક્તિગત સંપર્કની વૈશ્વિક દુનિયા છે. પરંતુ આ સંપર્કો આજે એટલા બધા વધી ગયા છે કે આપણે રાત્રે બે—બે વાગ્યા સુધી શાંતિથી સુઈ શકતા નથી. એક રીતે જોઈએ તો આજે વૉટ્સઅપ એક ત્રાસદી બની ગયું છે. લોકો આપણને ઓળખતા હોય કે ના હોય પણ જો ક્યાંકથી આપણો નંબર એમના હાથમાં આવી ગયો તો સવાર, બપોર, સાંજ આડેધડ બધો ઈન્ટરનેટ કચરો મોકલ્યા કરે છે. જેની સાથે આપણે માત્ર આંખની ઓળખાણ છે કે માત્ર નામની કે ગામની ઓળખાણ છે જેમની સાથે આપણે દર બે ચાર દિવસે ફોન પર વાત થતી નથી કે રેગ્યુલર સંપર્કમાં નથી તેવા લોકો પણ આપણને સતત - સતત મેસેજ, ફોટા, વિડીઓ, લીંક વગેરે મોકલ્યા કરે છે. આવા મિત્રો કે વડિલો એટલું નથી સમજતા કે કોઈને સતત મેસેજ મોકલવાથી જો સામેથી કોઈ પ્રત્યુતર ના આવે તો સમજી લેવું જોઈએ કે સામેની વ્યક્તિ તમે મોકલેલા મેસેજ જોયા વિના ડિલીટ કરી દે છે. અને એ વ્યક્તિ સંબંધને કારણે તમને ''નકામા મેસેજ ના મોકલો'' એવું કહી શકતી નથી. પરંતુ આપણે જાતે જ સમજીને આપણને ગમતા જેવાતેવા મેસેજ કે વિડીઓ મોકલવાના બંધ કરી દેવા જોઈએ. ઘણી વખત આને કારણે સામેની વ્યક્તિને આપણા પ્રત્યે અણગમો પણ ઊભો થઈ જાય છે.

મારા મોબાઈલમાં આજની તારીખે ૧૭૯૨ મિત્રોના વૉટ્સઅપ નંબર છે. આ બધામાંથી કેટલાય મિત્રો રોજ સવારે '' જય ગુરુદેવ દત્ત, જય સ્વામીનારાયણ, જય ગિરનારી, બાબા અમરનાથ, જય માતાજી, જય ખોડલમા, જય સિકોતરમા, જય ભોલેનાથ, આવા રોજ બસોથી વધારે મેસેજ આવે છે જે મોટો ત્રાસ આપે છે. વળી મારે આવા કોઈ બાબા કે ગુરુદેવ કે ભોલેબાબા સાથે કોઈ લેવાદેવા નથી. અને રોજ આ બસોથી વધુ ફોટા કે વિડીઓ જોયા વિના ડિલીટ કરવામાં ય ઘણો સમય બગડે છે. ઘણાય મિત્રો સવારમાં ઊઠીને તરત જ ગુડ મૉર્નિંગના મેસેજ કરવા ટેવાયેલા હોય છે અને રાત્રે સુતી વખતે ગુડ નાઈટના. હવે આવા રોજના સો દોઢ સો મિત્રો છે જેમના રોજના બસો થી ત્રણ સો કોપી પેસ્ટ કરેલા ફોટા ને વિડીયો સવારમાં ને રાત્રે બાર એક વાગ્યા સુધી આવતા જ રહે છે. જેમને પણ કોઈ પ્રત્યુતરના મળે છતાંય એકપક્ષીય લાગી જ ગયા હોય છે. (મિત્રો સમજો તો સારું છે)

આજકાલ ફેસબૂક/વૉટ્સઅપમાં કવિઓ અને ઉપદેશકોની સંખ્યામાં ધોધમાર વધારો થયો છે. એક ગ્રુપમાં એક બહેન તો રોજ એક નવી કવિતા સવારમાં મૂકે છે. અને પાછા પરપત્નીપ્રિય પુરુષો આ સાવ ભંગાર કવિતાને પણ '' વાહ વાહ, ખુબ સરસ, ઉત્તમ કાવ્ય, ગુજરાતી ભાષાનું શ્રેષ્ઠ ગીત, મન મોહી લીધું, નરી વાસ્તવિકતા '' આવી અનેક કોમેન્ટ્સ કરીને પેલા નવું નવું લખતા શીખેલા કવયિત્રી બહેનને વગર હવાએ ફૂલાવીને ફૂગ્ગો કરી નાખે છે. આવા રોજિંદા કવિ કવયિત્રીઓ પોતાના જોડકણા સૉરી કવિતાઓ અનેક મિત્રોને મોકલ્યા જ કરે છે. પ્રત્યુત્તર ના આવે તો પણ .... વારંવાર... મને રોજ આવી સોથી વધુ કવિતાઓ વૉટ્સઅપમાં મળે છે જેને વાંચ્યા વિના જ ડિલીટ કરવી પડે છે. તો વળી સપ્તાહના સાતેય વારે પોતાની કવિતાઓ મોકલાતા કવિઓની સંખ્યા પણ મોટી છે. હવે આ બધાને વાંચીને કેવી રીતે ન્યાય આપવો? તેથી વાચ્યા વિના જ (સૉરી, મિત્રો, સમજો તો સારું)

ઘણા લોકો કોઈ ''બાપુ'' ના કે બાબાના પરમ ભક્ત હોય તો બાપુએ કે બાબાએ છીંક ખાધી હોય કે ઉધરસ ખાધી હોય તો ય એના વિશે લાંબા લેખો લખીને કે ફોટા પાડીને કે વિડીયો અનેક મિત્રોને મોકલતા હોય છે. તો વળી ઘણા પત્રકાર મિત્રો પોતાના આખા અખબારની પીડીએફ ફાઈલ રોજ ત્રણ ત્રણ વાર મોકલતા હોય છે. અને પાછા દરેક પાનાના ફોટા તો જુદા.. મારા એક બે વડિલ મિત્રો છે કે જેઓ કોઈ બાબાના પરમ ભક્ત બની ગયા છે તો દરરોજ સવારે અને સાંજે એમના લાંબી દાઢીવાળા ( આતંકવાદી જેવા ) બે ચાર ફોટા મોકલે છે. બીજાને પણ મોકલતા હશે. તો વળી સવારે ગણપતિ, હનુમાનજી, સાંઈબાબા, મોરારીબાપુ, આશારામબાપુના પણ અસંખ્ય ફોટાઓ ત્રાસ આપ્યા જ કરે છે. આવા નિવૃત મિત્રોની આસ્થાનો ભોગ આપણે બનવું પડતું હોય છે. વળી નિવૃત થઈ ગયેલા, સિનિયર સિટીજનો ઘરમાં ફ્રી હોવાથી અને નવું નવું વૉટ્સઅપ શીખ્યા હોવાથી એમના વૉટ્સઅપમાં જેટલું આવે તે બધુ જ તેઓ સતત બીજાને મોકલતા રહેતા હોય છે. આમાં મોટાભાગની જૂની પોસ્ટો હોય છે. રોજની આવી સો બસો ત્રણ સો પોસ્ટ આવે અને જોયા વિના ડિલીટ કરીએ તો પણ કલાક બગાડે છે.

હું માનું છું કે મારા જેવા આવા અનુભવો બધાને થતા જ હશે. આમ જોઈએ તો આ બધો 'ઈન્ટરનેટ કચરો' (ઈ-કચરો) જ છે. જે મોબાઈલમાં સ્ટોર થતો રહે તો એકાદ બે મહિનામાં જ ૨૫/૩૦ હજારનો મોબાઈલ હેંગ કરી નાખે છે બગાડી નાખે છે. તેથી રોજ રોજ આવું બધું ડિલીટ કરવા માટે પણ કલાકેક બગાડવો પડે છે તો વાંચવા કે વિડીઓ જોવાનો તો ટાઈમ કેમ કાઢવો? મોટાભાગે તો ક્યારેય નહી અથવા ક્યારેક જ કંઈક મોકલતા મિત્રોની પોસ્ટ કે વિડીઓ જ જોવાતા હોય છે.


વૉટ્સઅપમાં ઘણા ગ્રુપો પણ હોય છે. ઘણા મિત્રોને એટલી સામાન્ય સમજ નથી હોતી કે એક જ ગ્રુપમાં હોવા છતાંય તેઓ ગ્રુપમાં જે પોસ્ટ મૂકે તે જ પોસ્ટ પાછી બધાને વ્યક્તિગત પણ મોકલીને ત્રાસ ગુજારતા હોય છે. એટલે આપણે બે જગ્યાએથી એને ડિલિટ કરવાની. (ધન્ય હો) ઘણા ગ્રુપોના એડમીન પણ જાણવા જેવા હોય છે. આજકાલ સાહિત્યના ગ્રુપોની ભારે બોલબાલા છે. જેના મોટાભાગના એડમીનોને સાહિત્ય સાથે કોઈ લેવાદેવા નથી હોતી. કેટલાક ગ્રુપોના એડમીનો હિટલર જેવા હોય છે. જેઓ પોતાના ગ્રુપને પોતાનું રજવાડું માનીને નીતિ નિયમો બનાવીને બધાને માનવા માટે મજબૂર કરતા હોય છે. જો આવા એડમીનો ઊંચી પોસ્ટ કે પદ ઉપર હોય કે મોટા જાણીતા વ્યક્તિ હોય તો તો બહું વાંધો આવતો નથી. લોકો લાભેલોભે ય નિયમો પાળીને મૌન ધરીને ગ્રુપમાં રહે છે. સાહિત્યના ગ્રુપોમાં માત્ર સાહિત્ય જ પીરસવામાં આવે છે. ઘણા ગ્રુપોમાં તો હિંદી ભાષા પણ સ્વીકાર્ય નથી. હિંદીમાં સારી ગઝલ કે શેર કે શાયરી પોસ્ટ કરતા તરત જ એડમીનશ્રીની કડક સૂચના આવી જાય છે. હવે આવા એડમીનશ્રીઓને એ ખબર કેમ નથી પડતી કે હિંદી આપણી રાષ્ટ્રભાષા છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# 'બાબા' પુરાણ : વાંક આપણો જ છે...!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય



'બાબા ગુરમીતો રામ રહીમ' ના આખાયે એપિસોડે ફરી એક વખત અંધ ભક્તો અને એના આધારે ઐયાશી કરતા બાબાઓનો અસલી ચહેરો સામે લાવી દીધો. 'દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે' ટાઈપના આવા બાબાઓના પરાક્રમોને લીધે આખીયે સાધુ અને સંત સમુદાયને નીચાજોણું થયું એ આ રામ રહીમ વાળા બનાવની સૌથી વરવી બાજુ ગણી શકાય. સુકા ભેગું લીલું બળે એ ન્યાયે આવા રાક્ષસી, અત્યાચારી અને કામી બાબાઓના પાપી પરાક્રમોના છાંટા બીજા સાચા ને ખરેખર સંત હોય એને પણ ઉડે એ દુઃખદ છે પણ વાત એની નથી પણ ક્યાંથી અને કેવી રીતે આવા ઢોંગી બાબાઓ આટલા બધા તાકતવર અને અત્યાચારી કે પછી આટલા બધા બધી જ રીતે શક્તિશાળી બની જાય છે એની કરવાની છે.

અસલમાં આવા બાબાઓ આટલા ફૂલેફાલે છે એમાં એમનો ઓછો અને આપણો વાંક વધારે છે. આવા બાબાઓ આપણામાંથી એવા લોકોની માનસિકતાનું પ્રતિક છે કે જેઓ સરળતાથી ધર્મના નામે, આસ્થાને નામે, પૈસાના જોરે, તાકાતના જોરે અને સેલીબ્રીટી પ્રભાવોના દેખાડામાં તણાય જાય છે. તાકાતવર અને નિરંકુશ બનેલા આવા બાબાઓના બળાત્કાર અને હત્યા જેવા સંગીન ગુનાઓ જ્યારે આપણી સામે આવે છે ત્યારે ઘણું મોડું થઈ ચુક્યું હોય છે અને આપણે 'અરેરે આપણી સાથે દગો થયો' એવું અરુન્યરુદન કે પછી સોશિયલ મીડિયા પર 'આવા બાબાઓને જાહેરમાં ફાંસી આપવી જોઈએ' જેવા બખાળા કાઢવા શિવાય કશું કરી શકતા નથી કેમકે જ્યાં સુધી આપણી ઉપર લખી એ માનસિકતા નહિ બદલાય ત્યાં સુધી ગુરમીત હોય કે બીજા બાબાઓ હોય એ બધા જ ધર્મ અને આસ્થાના નામે આપણો ઉપયોગ કરીને પોતે તગડા બનતા જ જવાના...!

આજકાલ ધર્મ એક બીઝનેસ બની ગયો છે, જેટલો વધુ તમે તમારા ધર્મ કે આસ્થાનો પ્રચાર કરી શકો એટલો વધુ અનુયાયીઓમા વધારો થતો જવાનો. ધર્મ પણ એક માર્કેટિંગની જેમ થઈ ગયો છે. જ્યાં આસ્થા અને ભક્તિ લાલચનો પર્યાય બનીને રહી ગયો છે. લોભ, લાલચ, મદદ કે પછી તાકાતથી તમે તમારા ફોલોવર્સની સંખ્યામાં વધારો કરતા જાવ, એમને એ જ ધર્મ કે આસ્થાના નામે ગુમરાહ કરતા જાવ અથવા તો એમની જીંદગીમાં જે કઈ પણ ખૂટે છે એમાંથી અમુકનું કૈક નિરાકરણ કરતા જાવ બસ પછી જુઓ તમારો આ ધર્મનો ધંધો પુરજોશમાં ચાલવાનો. સવાલ આપણી આસ્થાનો બિલકુલ નથી કેમકે આવા ઢોંગી કે અત્યાચારી બાબાઓના શરણે જતો આમ ઈન્સાનનો ડાઉટ જે તે ધર્મ અને જે તે ગુરુ પ્રત્યેની આસ્થા અને એક વિશ્વાસથી જ ત્યાં જતો હોય છે પણ એ ગુરુ કે સ્થાનક કે પછી આસ્થાનો પહેરેદાર આવા સાધકોની આ પવિત્ર આસ્થાનો ગેરલાભ ઉઠાવે ત્યારે રામરહીમ જેવા બનાવો બને છે અને આ કાઈ પહેલો બનાવ છે નહિ અને આઈ એમ સ્યોર કે છેલ્લો બનાવ પણ હશે નહિ કેમકે જ્યાં સુધી અંધવિશ્વાસ અને અસમાનતાનો ફેલાવો સમાજમાં રહેશે ત્યાં સુધી ધર્મના નામે, આસ્થાના નામે અને પછી અસમાનતાના નામે ઉત્પન્ન થતા અંધ્વીશ્વાસનો ગેરલાભ ઉઠાવનારા આવા સેંકડો ગુરમીતો સમયાંતરે આ મહાન ધાર્મિક અને સંસ્કૃતિથી ભરપુર ભારત દેશમાં પેદા થયા જ કરવાના એ નિશ્ચિત છે...!

આસ્થા કે ધર્મ દરેકની પોતપોતાની વ્યક્તિગત માન્યતા અને સ્વતંત્રતા છે એમાં ના નહિ પણ તકલીફ ત્યારે પડે અને ખાસ કરીને જેના પર આસ્થા અને વિશ્વાસ રાખ્યો હોય એવા સાધુ કે સંત આવા જઘન્ય અપરાધોમાં દેખાય આવે ત્યારે એ આસ્થા અને આસ્થાળુને એકદમ કરારા ઝટકા લાગે. રામરહીમના કેસમાં તો છેક છેલ્લે સુધી એના અનુયાયીઓએ કરેલા તોફાનો આમ જોવા જાવ તો ખરેખર એ જ માનસિક કરારા ઝટકાનું જ પ્રદર્શન હતું. 'અરે હોય કાઈ આપણા ગુરુ આવું કરે જ નહિ 'એ મૂરખજ્ઞાન જ્યારે ફૂટી ગયું કે તરત જ અનુયાયીનું નાનું મગજ સુન્ન થઈ ગયું અને એ શુન્નતા અને છેતરાયાની લાગણીમાં દિલની અંદર રહેલો ગુસ્સો (ખરેખર તો ઉલ્લુ બની ગયાની લાગણી) આવા તોફાનોમાં ફૂટી નીકળ્યો જે ખરેખર તો મૂરખ બન્યાનું પ્રતિબિંબ જ ગણી શકાય. અને ઉલ્લુ બનો જ ને...!!! આ દેશમાં ધર્મના નામે અને આસ્થાના નામે ભીડ ભેગી કરવી કોઈ ખાસ મોટી કે અઘરી વાત નથી અને આમાં બધા જ ધર્મો અને એમના સો કોલ્ડ આવા બાબાઓ સામેલ છે. કોઈ એક ધર્મે હરખાવાની જરૂર છે જ નહિ અહી તો હર ડાલ પે ઉલ્લુ બૈઠે હૈ જેવો ઘાટ છે જ અને સમયે સમયે દરેક ધર્મના આવા ઢોંગી બાબાઓની પાપલીલાનો પર્દાફાશ થતો જ રહે છે પણ યુ કી સોચનેવાલી બાત યે હૈ કી છતાયે હર વખતે નવા નવા બાબાઓ ફૂટી જ નીકળે છે...!

હા તો ફૂટી જ નીકળે ને...!!! એનું કારણ છે કે આગાઉ પર્દાફાશ થયેલા બાબાઓના પરાક્રમોમાંથી આપણે કશું જ શીખતા નથી. હવે જો દલીલ એવી હોય કે ભારતની બહુધા ગરીબ અને અભણ પ્રજા આવા ઢોંગી બાબાઓના ચક્કરમાં આવી જાય છે તો લેટ મી ક્લીયર યુ કે આશારામ, રામપાલ, ગુરમીત, રાધેમાં કે આવા અનેકો વિવાદિત બાબાઓના ભક્તોમાં શિક્ષિત અને વગદાર લોકોની સંખ્યા વધુ જોવા મળી જ છે. ચાલો માની લઈએ કે મોટાભાગના આવા વગદાર શિષ્યોનું આવા ગુરુઓ સાથેનું જોડાણ મોટાભાગે ગીવ એન્ડ ટેક જેવી સગવડતા નીચે ગોઠવાયેલું હોય છે પણ નજર સામે દેખીતો વ્યભિચાર અને ગુનાહિત કૃત્યો કરતા બાબાઓને છતાં પણ મળી રહેતા ફોલોવર્સ એ વાતનો સંકેત છે કે આપણે સુધારવા માંગતા જ નથી...!!! સલામ અને અભિનદન છે એ પીડિત બંને બહેનો, કેસ લડનાર વકીલો, આખુયે પ્રકરણ બહાર લાવનાર દિવંગત પત્રકાર અને સજા સંભળાવનાર ન્યાયતંત્રને કે જેઓએ કોઈ જ પ્રકારના દબાણમાં કે લોભ લાલચમાં આવ્યા વગર કાયદાનું ભાન કરાવ્યું બાકી હરિયાણા અને પંજાબની સડકો પર પિસ્તોલો, પથ્થરો અને લાઠીઓ લઈને ફરતા બ્રેઈનવોશ થયેલા એ લાખો અનુયાયીઓ તો આમાંનું કશું જ કરી શકવાના નહોતા...!

આગળ લખ્યું એમ અને ફરીથી રીપીટ કરું તો બધા જ સંસારી સાધુઓ કે બાબાઓ આવા તરકટી, ઢોંગી નથી જ હોતા અને એના અનેકો ઉદાહરણો ભારતભરમાં છે પણ મૂળ વાત એ છે કે એકદમ ઈન્સ્ટન્ટ આધ્યાત્મ, જ્ઞાન અને પુણ્ય કમાવાની લાલચમાં આવા ઢોંગી બાબાઓ તરફથી ફ્રી મા મળતી મદદોની લાલચમાં દોડી જતા સાધકો અને પછી

અનુસંધાન પાના નં. ૭ પર